# મનપાની ચૂંટણીમાં એક કલાકમાં ત્રણ સ્થળે હોબાળો

ગાંધીનગર મહાનગર પાલિકાના ૧૧ વોર્ડની ૪૪ બેઠકો માટે આજે મતદાન પ્રક્રિયા ચાલી રહી હતી. ત્યારે વહેલી સવારથી શરુ થયેલ મતદાન શાંતિપૂર્ણ માહોલમાં થઈ રહ્યું હતું. ત્યારે શહેરના કેટલાક વોર્ડમાં માથાકુટના બનાવો સામે આવ્યા હતા. મનપાના વોર્ડ નં.૬ માં સમાવેશ સેકટર-૧૫ માં આમ આદમી પાર્ટીના ૫૦ થી વધુ કાર્યકરો ટોપી પહેરેલી નજરે પડતા પોલીસે ડીટેઈન કર્યા હતા. આપના ટોપી પહેરીને ફરતા કાર્યકરોના આઈકાર્ડ માંગતા વિવાદ વકર્યો હતો. સેકટરે-૨૨ વોર્ડ નં.૫ માંથી ૧૦૦થી વધુ મતદારોના નામ ગુમ થતા હોબાળો મચાવ્યો હતો. જયારે બપોરના સુમારે કુડાસણ ખાતે આપના કાર્યકરો બેસી રહ્યા હતા તે સમયે કેટલાક શખ્સો આવી જઈને ખુરશીઓ ઉછાડી તોડી નાંખી હતી.


ગાંધીનગર શહેરમાં રાજકીય ચહલ પહલ વચ્ચે શાંતિપૂર્ણ વાતાવરણમાં વહેલી સવારથી જ મતદાન મથકે જઈ મતદારો ઉત્સાહપૂર્વક મતદાન કરી રહ્યા હતા. રાજકીય પક્ષના ટેકેદારો દ્વારા એકબીજા પર આક્ષેપ કરવામાં આવી રહ્યા હતા. સેકટર-૨૪ ભાજપના કાર્યકરો ખેસ પહેરીને ફરી રહ્યા હતા જેનો વિરોધ કોંગ્રેસે કરતા હોહા થઈ હતી. તો કેટલાક વોર્ડમાં બોગસ મતદાન થવાની પણ વ્યાપક ફરીયાદો ઉઠી હતી. જયારે વોર્ડ નં.૬ ખાતે ટોપી પહેરીને ફરી રહેલા કાર્યકરોને સેકટર-૧૫ માંથી પકડી લેવામાં આવ્યા હતા. વોર્ડ નં.૧૦ માં સેકટર-૬ અને કુડાસણ ખાતે આમ આદમી પાર્ટીના કાર્યકરોને માર મારી બુથ તોડી ને ખુરશીઓ ઉછાળી કાળા કલરની કારમાં અસામાજીક તત્વો નાસી છુટ્યા હતા. બનાવની જાણ થતા તાત્કાલીક પોલીસનો કાફલો ઘટના સ્થળે આવી પહોંચ્યો હતો. ભાટ ગામ ખાતે બોગલ વોટીંગ ચાલી રહ્યું હોવાની વાત ધ્યાને આપ પાર્ટીના લીગલસેલ દ્વારા વિરોધ નોંધાવતા તાત્કાલીક જિલ્લા પોલીસ વડા પણ ભાટ ખાતે દોડી ગયા હતા. તે ઉપરાંત સેકટર-૧૨ ખાતે બોગસ વોટીંગ અંગે હોબાળો થતા પેપર વોટીંગ કરાયું હતું. જયારે સેકટર-૨૨ ખાતે ભાજપ આગેવાન અને કોંગ્રેસના આગેવાન વચ્ચે પણ સામાન્ય બોલાચાલી થઈ હતી. ત્યારે આખરે ગાંધીનગર મહાનગર પાલિકાની ચુંટણી શાંતપૂર્ણ માહોલમાં સંપન્ન થઈ હતી.



## તારક મહેતા ફેમ નટુકાકાનુ નિધન

ગાંધીનગર, તા. ૩

ગુજરાતી રંગભૂમિના કલાકાર અને તારક મહેતાના ઉલ્ટા ચશ્મા ફેમ નટુકાકા એટલે કે ઘનશ્યામભાઈ નાયકનું ટૂંકી બીમારી બાદ દુઃખદ અવસાન થયુ છે. તેમના અવસાનના સમાચારથી તેમના ચાહકોમાં ભારે આઘાતની લાગણી છવાઈ છે.



તારક મહેતા કા ઉલ્ટા ચશ્માથી ઘરે ઘરે ફેમસ થયેલા ઘનશ્યામભાઈ નાયક ઉર્ફે નટુકાકા છેલ્લા કેટલાક દિવસોથી કેન્સરની બીમારીથી પીડાતા હતા. મુંબઈમાં તેમની સારવાર ચાલી રહી હતી.

ગુજરાતી રંગભૂમિના જાણીતા કલાકાર ઘનશ્યામ નાયક મૂળ ઉત્તર ગુજરાતના વડનગર નજીકના ઉંઢઈ ગામના વતની હતા. તેમનો જન્મ ૧૨ મે ૧૯૪૪ના રોજ થયો હતો. ત્રણ મહિના અગાઉ તેમને કેન્સર ડિટેક્ટ થયુ હતુ. તેઓ ભવાઈ અને રંગભૂમિના જાણીતા કલાકાર હતા. ભારે સંઘર્ષ બાદ તેઓ ફિલ્મ જગતમાં પહોંચ્યા હતા. તેઓએ અનીલકપૂર, સલમાનખાન અને સની દેઓલ જેવા અભિનેતાઓ સાથે પણ કામ કર્યુ હતુ. હમ દીલ કે ચૂકે સનમ, તેરે નામ, લવની ભવાઈ જેવી તેમની જાણીતી ફિલ્મો છે. તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા સીરીયલે તેઓને ખૂબ ખ્યાતી અપાવી હતી. તેઓ તેના પાત્ર નટુકાકાથી ઘરે ઘરે જાણીતા બન્યા હતા. બાઘા અને નટુકાકાની જોડીએ દર્શકોને ખૂબ મનોરંજન પુરૂ પાડ્યુ હતુ. ગુજરાતી રંગભૂમિ અને હિન્દી ફિલ્મ જગતે તેમને શ્રદ્ધાંજલિ અર્પણ કરી છે.

## વોર્ડ નં. ૭ કોલવડા-વાવોલમાં સવારથી જ મતદાતાઓનો ધસારો રહ્યો

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગરના વાવોલ-કોલવડા વોર્ડ નં. ૭ ખાતે આજે શહેરમાં સૌથી વધુ વોટીંગ ૬૭ટકા નોંધાયુ હતુ. જેમાં પુરૂષ મતદારોનું વોટીંગ ૭૦.૦૭ ટકા અને મહિલા મતદારોનું વોટીંગ ૬૩.૬૨ ટકા રહેવા પામ્યું હતું.

વોર્ડ નં. ૭ માં આજે સવારથી મતદાનની શરૂઆતથી જ મતદારોને વોટ આપવા માટે ધસારો જોવા મળ્યો હતો. જ્યારે શહેરના અન્ય વોર્ડમાં સવારના ૭ થી ૯ ના ગાળામાં મતદારોની સંખ્યા આછી પાતળી જોવા મળી હતી ત્યારે વોર્ડ નં. ૭ માં વાવોલ અને કોલવડા ખાતે સવારથી જ મતદાતાઓએ લાંબી લાઈનો લગાડી હતી અને સરેરાશ ૧૦ટકા જેટલુ મતદાન નોંધાયુ હતુ જ્યારે અન્ય વોર્ડમાં ટકાવારી માત્ર ૪ થી ૭ ટકાની રહી હતી. બપોરના સમયે પણ આ વોર્ડમાં મતદાતાઓનો ધસારો જોવા મળ્યો હતો પરંતુ સાંજના સમયમાં દિવસની સરેરાશની સાપેક્ષે મતદાન નબળુ રહેતા મતદાનની ટકાવારી ૬૭ ટકાએ અટકી હતી તેમ છતાં આ આંકડો શહેરના અન્ય વોર્ડ કરતા સૌથી ઉંચો રહેવા પામ્યો છે. વોર્ડ નં. ૭ માં થયેલી મતદાની પેટર્ન અને ટકાવારીથી તેના પરિણામ બાબતે સસ્પેન્સ વધુ ઘેરૂ બન્યુ છે અને મતદારોનું મન કળવુ મુશ્કેલ જણાઈ રહ્યુ છે.





આજે શહેરમાં ચૂંટણી દરમ્યાન કોવિડ-૧૯ની ગાઈડલાઈનનું પાલન કરવાનું હોવાથી મતદાતાઓ માટે દરેક બુથ પર હેન્ડગ્લોવ્ઝ મોટા ભાગના મતદાતાઓને મતદાન કરવામાં અનુકૂળ આવ્યાં નહોતા અને મતદાન કર્યા બાદ બુથની બહાર તેના નિકાલ માટે પુરતી ડસ્ટબીનની વ્યવસ્થા ના હોવાથી બપોર પછી મોટા ભાગના બુથ પર મોટી સંખ્યામાં હેન્ડગ્લોવ્ઝનો કચરો ફેલાયેલો જોવા મળ્યો હતો.

## ખૂણેખાંચરેથી

- ગાંધીનગર શહેર-જિલ્લામાં કોરોનાનો એક પણ કેસ નોંધાયો નથી.
- ગાંધીનગર મહાનગર પાલિકાના મતદાનમાં માત્ર ૯ થી ૩ દરમ્યાન મતદારોનો ઉત્સાહ જોવા મળ્યો હતો.
- મતદાન મથકો પર વરસાદ પડે તો મતદારો પલડી ના જાય અને મથકની બહાર ઓછી ખુલ્લી જગ્યા હતી તેવા ૧૨ સ્થાનોએ તંત્રએ ખાસ વૉટર શેડ મંડપ પણ બાંધ્યા હતા.
- ગાંધીનગર મનપાની સામાન્ય, માણસા ન.પા. તેમજ આદરજ મોટી તા.પં.ની પેટા-ચૂંટણીને કારણે શહેર-જિલ્લામાં આજે વેક્સિનેશન અભિયાન ધીમુ રહ્યુ હતુ.
- ગાંધીનગર શહેરમાં આજે ક્રિકેટ રસિયાઓએ આઈ.પી.એલ.ની મજા વધુ લૂંટી હતી.
- ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં સ્વચ્છતા અભિયાનની ઉજવણીનો ધીમી ગતિએ આરંભ થયો છે.
- ગાંધીનગર શહેરના જાહેર માર્ગો પર આજે થોડીક ઓછી સફાઈ થયેલી જણાતી હતી.

## નિવૃત્ત પ્રાધ્યાપક ડૉ. વસંતરાવ જી. પંડ્યાનું દુઃખદ અવસાન

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર સરકારી આર્ટસ કોલેજના નિવૃત્ત પ્રાધ્યાપક અને જાણીતા સંસ્કૃતના વિદ્વાન ડૉ. વસંતરાવ જી. પંડ્યાનું દુઃખદ અવસાન થયુ છે.

સ્વ. વી.જી. પંડ્યાના અવસાનના સમાચારથી સમગ્ર શિક્ષણજગતે આંચકો અનુભવ્ય છે. સ્વ. પંડ્યા અત્યંત સાલસ અને નમ્ર સ્વભાવ ધરાવતા હતા. સાદગી એ તેમની આગવી ઓળખ હતી.

સ્વ. પંડ્યા એ શહેરના જાણીતા તબીબ ડૉ. દર્શન પંડ્યાના પિતા થાય. તેઓ તેમની પાછળ બહોળો પરિવાર વિલાપ કરતા છોડી ગયા છે.

## સે-૧૯ માં આમ આદમી પાર્ટીની ટોપી વિવાદનુ કેન્દ્ર બની

### કોંગ્રેસની રજુઆતના અંતે આખરે બુથ પર આંટા મારતા આપના કાર્યકર્તાઓની ટોપી ઉતારી દેવાઇ

ગાંધીનગર તા ૩

ગાંધીનગર મહાનગર પાલિકાની ચુંટણી અન્વયે આજે મતદાનની પ્રક્રીયા હાથ ધરવામાં આવી હતી. આજે સવારથી જ મંદ ગતિએ મતદાન થતુ નજરે પડયુ હતુ. સેકટરોમાં કેટલાક ઠેકાણે મતદાન માટે લાઈન લાગી હતી તો કેટલાક ઠેકાણે મતદારો છુટાછવાયા બુથ પર આવતા નજરે પડયા હતા. દિવસ દરમિયાન એકાદ કિસ્સાને બાદ કરતા સમગ્ર ચુંટણી પ્રક્રીયા શાંતિપુર્ણ માહોલમાં સંપન્ન થઈ હતી. સે-૧૯ માં ચુંટણી બુથ નજીક આપના કાર્યકરો ટોપી પહેરીને આંટા મારતા હોવાથી કોંગ્રેસે આ મામલે વાંધો ઉઠાવ્યો હતો. જો કે ચુંટણી અધિકારીએ મામલો થાળે પાડયો હતો.

ગાંધીનગર મહાનગર પાલિકાની ચુંટણીમાં આજે મતદાનની પ્રક્રીયા હાથ ધરાઈ હતી સવાર થી જ ચુંટણીને અનુલક્ષી રાજકીય ઉત્તેજનાનો માહોલ જોવા મળ્યો હતો. જો કે મતદારોએ કોઈના મન કળવા દીધા ન હતા. કેટલાક ઠેકાણે બોગસ મતદાનની તો કેટલાક ઠેકાણે ટોપી કે ખેસ પહેરવા બાબતે માથાકુટ થઈ હતી. રાજકીય પક્ષોના ઉમેદવારો અને સમર્થકોની સાથે બુથ સંભાળતા કાર્યકરો પણ આ મામલે કેટલાક ઠેકાણે વિવાદમાં આવ્યા હતા. ચુંટણી પ્રક્રીયા દરમિયાન સે-૧૯ માં પણ વિવાદ થયો હતો. મતદાન કેન્દ્ર પાસે આમ આદમી પાર્ટીની ટોપી વિવાદનુ કારણ બની હતી. આમ આદમી પાર્ટીના કાર્યકર્તાઓ બુથમાં ટોપી પહેરીને બેસતા કોંગ્રેસ દ્વારા ચુંટણી અધિકારીને ફરિયાદ કરવામાં આવી હતી. ચુંટણી અધિકારીને રજુઆત કરવામાં આવતા આપના કાર્યકરોની ટોપી ઉતારી દેવામાં આવી હતી. ચુંટણી પંચની સુચના મુજબ મતદાન કેન્દ્રની આસપાસના ૧૦૦ મીટરના અંતરમાં કોઈપણ રાજકીય પક્ષની ઓળખ થાય તે મુજબના ટોપી કે ખેસનો ઉપયોગ અથવા લખાણ રાખી શકાય નહીં. જયારે સે-૧૯ માં બીજા તબક્કાના મતદાનની પ્રક્રીયા દરમિયાન આ મામલો સામે આવતા કોંગ્રેસના નેતા નિશિથ વ્યાસે રજુઆત કરી હતી. જો કે ચુંટણી અધિકારીની દરમિયનગીરીથી મામલો થાળે પડયો હતો.

## પરિણામલક્ષી ઉત્તેજના વચ્ચે નેતાઓએ પણ મતાધિકારનો ઉપયોગ કર્યો

ગાંધીનગર તા ૩

ગાંધીનગર મહાનગર પાલિકાની ચુંટણીના ત્રિપાંખિયા જંગમાં આજે દિવસ દરમિયાન સેકટરોમાં મતદાનની પ્રક્રીયાનો ધમધમાટ જોવા મળ્યો હતો. કોઈક ચુંટણીમાં આ વખતે આમ આદમી પાર્ટીની નવી એન્ટ્રીની સાથે કોંગ્રેસ માટે અસ્તિત્વ અને ભાજપ માટે પ્રતિષ્ઠાનો મુદ્દો મહત્વનો બન્યો છે. ત્યારે રાજકીય પક્ષોની નજર કેટલા ટકા મતદાન થાય છે તેના તરફ



બુથ પર મતદારોની કતાર જોવા મળી હતી તો કેટલાક ઠેકાણે મતદાન માટે નિરસતા રહી હતી. આમ નાગરિકોની સાથે નગરના અગ્રણીઓ અને નેતાઓએ પણ મતાધિકારનો ઉપયોગ કર્યો હતો. સાંસદ મધુસુદન મિસ્ત્રી, ધારાસભ્ય ડો સી જે ચાવડા, શકિતસિંહ ગોહીલ સહીતના મહાનુભાવોએ મતદાન કર્યુ હતુ. કોર્પોરેશનની મંડરાઈ હતી. જો કે સવારથી શરૂ થયેલી મતદાનની પ્રક્રીયાના અંતે રાજકીય પક્ષો માટે અપેક્ષિત મતદાન થયુ ન હતુ. મતદારોમાં થોડી નિરસતા જોવા મળી હતી જયારે કેટલાક બુથો પર મતદાન માટે સતત મતદારોની કતાર પણ જોવા મળી હતી. પરંતુ જે રીતે ચુંટણી પ્રચારમાં ઉત્તેજનાનો માહોલ છવાયેલો રહ્યો હતો.

### વિક્રમી જીત... ● અનુસંધાન પહેલાનું ચાલુ

બંગાળ વિધાનસભા ચૂંટણી શરૂ થઈ ત્યારથી મારી પાર્ટીની વિરુદ્ધ ષડયંત્ર થતું રહ્યું. ભવાનીપુર નાની જગ્યાં છે છતાં ત્યાં ૩૫૦૦ સુરક્ષાકર્મી મોકલવામાં આવ્યા. મારા પગમાં ઈજા પહોંચાડવામાં આવી જેથી હું ચૂંટણી ન લડી શકું. પ્રથમવાર એવું બન્યું છે કે ભવાનીપુરના કોઈ વોર્ડમાં આપણે હાર્યા નથી. કાર્યકર્તાઓને સંબોધિત કરતા કહ્યુ- કોઈ પણ જીતનો જશ્ન મનાવશે નહીં. કાર્યકર્તા પૂર પીડિતોની મદદ કરે. તેમણે કેન્દ્ર સરકાર પર પણ હુમલો કર્યો છે. મમતાએ કહ્યુ- નંદીગ્રામમાં ન જીતવાના અનેક કારણ છે. જનતાએ અનેક ષડયંત્રને નિષ્ફળ કર્યું છે. મમતાએ કહ્યું કે, ભવાનીપુરમાં ૪૬ ટકા લોકો બિનબંગાળી છે પરંતુ બધાએ મળીને મત આપ્યા છે. ભવાનીપુરની ચૂંટણી મમતા બેનર્જી માટે મહત્વની હતી કારણ કે પદ પર રહેવા માટે મમતા બેનર્જીએ વિધાનસભાના સભ્ય બનવાનું જરૂરી હતું, તે માટે તેમની પાસે ૩ નવેમ્બર સુધીનો સમય હતો.

### હંગામો... ● અનુસંધાન પહેલાનું ચાલુ

છે. સમાજવાદી પાર્ટીના અધ્યક્ષ અખિલેશ યાદવે ટ્વીટ કરી કહ્યુ- કૃષિ કાયદાનો શાંતિપૂર્ણ વિરોધ કરી રહેલા કિસાનોને ગૃહ રાજ્યમંત્રીના પુત્ર દ્વારા, ગાડીથી કચડવા ઘોર અમાનવીય અને ક્રૂર કૃત્ય છે. ઉત્તર પ્રદેશ દંભી ભાજપના હત્યાચારને વધુ સહન કરશે નહીં. આ સ્થિતિ રહી તો યૂપીમાં ભાજપ ન ગાડીથી ચાલી શકશે ન ઉતરી શકશે.

### બુલેટ પર સવાર... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સરકારના અંહકાર સાતમા આસમાને છે. આ અહંકારને જમીનદોસ્ત કરવાનો મોકો એટલે મતદાન ડ્રાઈવરનુ કામ ગાડી ચલાવાનુ છે ગાડી વેચવાનો છે. ભાજપની સરકારને દેશ કે રાજય ચલાવવા માટે આપ્યુ છે. તે વેંચવાનો અધિકાર નથી ગાંધીનગરના ધારાસભ્ય ડો સી જે ચાવડાની જેમ મતદારોના આર્શીવાદથી કોંગ્રેસની મહાનગરપાલિકા બનશે અને કોંગ્રેસ ચુંટણી ઢંઢેરાનુ પણ ચુસ્તપણે પાલન કરાશે. કોંગ્રેસના શાસનમાં આશ્રિતોને નોકરી આપવામાં આવતી હતી. આજે આઉટ સોર્સિંગના નામે ભ્રષ્ટાચાર થાય છે. ગુજરાતની જનતાએ થર્ડ ફ્રન્ટ અપનાવતી નથી.સુરતમાં આમ આદમી પાર્ટીના નહીં પરંતુ નારાજગીના લીધે કોંગ્રેસના મત આપને મળ્યા હતા. ચુંટણી બાદ પક્ષપલ્ટાની રાજનીતી અંગે તેમણે વાત કરતા જણાંવ્યુ હતુ કે જનાદેશ બાદ જનતા ન ઈચ્છે છતા પૈસાના કોથલા ખોલીને જે સત્તા મેળવવા પ્રયાસ થાય છે તે જનતાના મેન્ડેટનો વિદ્રોહ છે. જનતાનુ પણ અપમાન છે. લોકશાહીની વ્યવસ્થામાં તે યોગ્ય નથી આ મુજબનુ કરનારા શુ હાલ થાય છે તેનાથી સૌ પરિચિત છે. આ તબક્કે ધારાસભ્ય ડો સી જે ચાવડા તેમજ કોંગ્રેસના નેતા નિશિત વ્યાસ પણ હાજર રહ્યા હતા.

### ઈંધણ ખૂટ્યું... ● અનુસંધાન પહેલાનું ચાલુ

બ્રિટનમાં હેવી ડ્રાઈવરોના અભાવે આખી સપ્લાય ચેન તૂટી ગઈ છે. ૭૦ ટકા પેટ્રોલ પંપમાં પૂરતું ઈંધણ નથી. મોટાભાગના ડિપાર્ટમેન્ટલ સ્ટોર્સમાં જીવન જરૂરી ચીજવસ્તુઓની અછત થઈ ગઈ છે. બ્રિટન ડ્રાઈવરોની ગંભીર અછતનો સામનો કરી રહ્યું હોવાથી સામાનની હેરફેર માટે સૈન્યની મદદ લેવામાં આવશે. બ્રિટનમાં લગભગ ૬૫થી ૭૦ ટકા પેટ્રોલ પંપ પાસે પૂરતું ઈંધણ નથી. લોકો કાર-વાહનોમાં પેટ્રોલ-ડીઝલ પૂરાવવા આવે ત્યારે લાંબી લાઈનમાં રાહ જોવી પડે છે. કરિયાણા સ્ટોરમાં પૂરતી સામગ્રી નથી આવતી. આ બધું માત્ર સપ્લાયના અભાવે થઈ રહ્યું છે. અછત ચીજ-વસ્તુઓની કે પેટ્રોલ-ડીઝલની નથી, ડ્રાઈવરોની છે. મોટા વાહનો ચલાવે એવા ડ્રાઈવરોના અભાવે અત્યારે નાના વાહનોથી મર્યાદિત જ સપ્લાય થઈ રહી છે.

### કાયદો અને કાનૂન ● અનુસંધાન ચોથાનું ચાલુ...

છે તેમ જણાવેલ હોય ન્યૂઝ આઈટમની સાઈઝ ૧૨૫ થી ૧૫૦ શબ્દોથી લંબાણમાં ધરાવતી હોય એક જ ફોરમેટમાં, સાઈઝમાં લખાયેલ હોય, મલ્ટીપલ ફ્રોન્ટ ટાઈપો પેપરના એકજ પાના ઉપર જોવા મળે તો તે લેઆઉટસ, ફ્રોન્ટસ, પ્રિન્ટસ આઉટસ, ફોટોગ્રાફ ઉમેદવારે પુરા પાડેલ હોવાનું જ અનુમાન લગાવી શકાય અને પેઈડ ન્યૂઝ ગણવામાં આવે છે. અત્યાર સુધીમાં ઘણા બધા કિસ્સામાં આયોગ દ્વારા નાટીસ પાઠવવામાં આવેલ છે. તેમજ આસામ, કેરાલા, પશ્ચિમ બંગાળ, પોન્ડીચેરી અને તમીલનાડુની ચૂંટણીમાં ૨૫૦ થી વધારે નોટીસ પાઠવવામાં આવેલ છે. આયોગનો ઈરાદો આવી ફરિયાદ બાબતે શિક્ષાત્મક કરતા નિયારાત્મક વધુ છે. જો કે મતદારો જાગૃત હોય કોઈના ભ્રામિક પ્રચારમાં ભરમાયા સિવાય સત્ય અને હકિકત જોઈ, તપાસી અને મતદાન કરે છે.

